# વડા પ્રધાનની પત્રકાર-પરિષદ વિશે પ્રતિક્રિયા

**અરુણ જેટલી**

**વિપક્ષના નેતા (રાજ્યસભા)**

ડૉ. મનમોહન સિંહની આજની પત્રકાર-પરિષદનો હેતુ એ જાહેર કરવાનો હતો કે પોતે લોકસભાની ચૂંટણીઓ પછી વડા પ્રધાનપદે રહેવાના નથી. જાણે કે તેઓ પોતે પોતાની વિદાય વિશે જાહેરાત કરતા હોય  એવું લાગતું હતું. વડા પ્રધાનને પોતાની વાસ્તવિકતા વિશે વાત કરવાની તે ઐતિહાસિક તક હતી. તે તક તેમણે ગુમાવી દીધી છે.

તાજેતરની વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને પરાજયની પછડાટ મળી છે. સંસદની આગામી ચૂંટણીઓમાં કોંગ્રેસનું ભાવિ ડામાડોળ છે. ડૉ. મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ સરકારની કામગીરીની ચૂંટણીમાં અગ્નિપરીક્ષા થશે. ખુદ વડા પ્રધાને પોતે ફુગાવો, બેકારી અને ભ્રષ્ટાચાર નાબુદ કરવામાં નાકામિયાબ રહ્યાનો એકરાર કર્યો છે. આ ત્રણેય બાબતોના વાદળો ચૂંટણી પર છવાયેલા રહેશે. વડા પ્રધાને તે વાસ્તવિકતાની જવાબદારી લેવાને બદલે એવો મત વ્યક્ત કર્યો કે ઈતિહાસ તેમની કામગીરીની નોંધ લેશે. તેઓ પત્રકાર-પરિષદમાં વારંવાર એવું કહેતા જોવા મળ્યા કે સમય સમયનું કામ કરશે. વડા પ્રધાન આ બાબતમાં સાવ ખોટા છે. લોકશાહીમાં તમારી કામગીરી વિશે જનતાએ ફેંસલો કરવાનો હોય છે. વડા પ્રધાન યુપીએ-૧ સરકારના ભ્રષ્ટાચારના મામલે તેઓ કંઈ બોલ્યા નહિ. જો કે વર્ષ ૨૦૧૩ના ચૂંટણીના ચુકાદાઓને માન્ય રાખવાનો તેમણે ઈનકાર કરી દીધો.

પ્રસાર માધ્યમો, વિપક્ષ અને નરેન્દ્ર મોદી સાથેના વડા પ્રધાનના સંબંધો કડવાશભર્યા રહ્યા છે. વડા પ્રધાન કચેરી એવો આગ્રહ રાખતી રહી છે કે વડા પ્રધાન બાબતે ગરિમાપૂર્ણ શબ્દોનો ઉપયોગ જ થવો જોઈએ. ડૉ. મનમોહન સિંહ પોતે તે કસોટીમાં નિષ્ફળ રહ્યા છે. વર્ષ ૨૦૦૨માં થયેલા રમખાણો શ્રી નરેન્દ્ર મોદી માટે કસોટીરૂપ હતા. સુપ્રીમ કોર્ટે વિશેષ તપાસ ટીમની નિમણૂક કરી છે. શ્રી મોદીએ ત્રણ વખત ચૂંટણીઓમાં વિજય હાંસલ કર્યો છે. ઓપિનિયન પોલ કહે છે કે શ્રી મોદી વડા પ્રધાનપદ માટેની રેસમાં સૌથી મોખરે છે. એવા સંજોગોમાં ડૉ. મનમોહન સિંહે તેમના માટે એવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈતો ન હતો.

તે એક નિષ્ફળ નેતાની પત્રકાર-પરિષદ હતી. તેમણે સત્તા કરવાની મહેચ્છા ગુમાવી દીધી છે. તેમની પત્રકાર-પરિષદમાં રાષ્ટ્રીય સલામતી બાબતે એક શબ્દ પણ ઉચ્ચરવામાં આવ્યો ન હતો. મહિલાઓ પર અત્યાચાર બાબતે કે મૂડીરોકાણ અથવા અર્થતંત્ર બાબતે ખાસ નોંધ લેવામાં આવી નહિ. ટુ-જીથી માંડીને વિરભદ્ર સિંહ સુધીના ભ્રષ્ટાચારના કેસો બાબતે ખાસ કંઈ કહેવામાં આવ્યું નહિ.

તે પત્રકાર-પરિષદ માત્ર ઔપચારિકતા જ બની રહી. માત્ર નાટકીય પત્રકાર-પરિષદ હોય એવું જણાતું હતું.